# નવરાત્રિ પહેલા મંદિર તોડી પડાયું

**વહેલી** સવારે કાર્યવાહી કરવા પહોંચેલી મનપાની ટીમનો સ્થાનિકોએ ઘેરાવ કર્યો, માર્શલો સાથે ઘર્ષણ

**માનદ રવાજા** ખાતે મંદિરની મૂર્તિ પાલિકાના અધિકારી ઉપાડી ગયા, વિરોધ થતાં પાછી મૂકી ગયા

સુરત : લિંબાયત ઝોનની ટીમ વહેલી સવારે રેલ રાહત કોલોની પાસે આવેલા બાખડ મહોલ્લામાં મનપાની ખુલ્લી જમીન પર થોડા દિવસો પહેલાં બનાવવામાં આવેલા મંદિરને દૂર કરવા પહોંચી હતી. જોકે,લોકો સ્થળ પર એકત્ર થઈ ગયા હતા અને ઉગ્ર સૂત્રોચ્ચાર સાથે વિરોધ નોંધાવ્યો હતો.

સ્થિતિને નિયંત્રણમાં રાખવા ઉતારવામાં આવેલા મનપાના માર્શલો સાથે મહિલાઓ અને સ્થાનિકો વચ્ચે ઘર્ષણ થતાં વાતાવરણ તંગ બની ગયું હતું. ભારે વિરોધ વચ્ચે મનપાની ટીમે ડિમોલીશનની કામગીરી ચાલુ રાખી મંદિરને સંપૂર્ણપણે દૂર કરી દીધું હતું.

મહિલાઓએ આક્ષેપ કર્યો હતો કે કર્મચારીઓ મંદિરમાં રહેલી માતાજીની મૂર્તિ પણ પોતાની સાથે લઈ ગયા હતા. મનપાના અધિકારીઓએ સ્પષ્ટતા કરતાં જણાવ્યું હતું કે મંદિરમાં હજુ માતાજીની વિધિવત સ્થાપના કરવામાં આવી નહોતી ડિમોલીશન દરમિયાન મૂર્તિને નુકસાન ન થાય તે માટે સલામતીના ભાગરૂપે તેને ખસેડવામાં આવી હતી અને ત્યારબાદ સ્થાનિકોને પરત કરી દેવામાં આવી હતી. મંદિરના નિર્માણ પાછળ સ્થાનિક બજરંગ દળના કાર્યકરોની ભૂમિકા હોવાના આક્ષેપોને લઈને પણ મામલો ચર્ચામાં આવ્યો હતો.



### અસામાજિક પ્રવૃત્તિ અટકાવવા મંદિરનું નિર્માણ: સ્થાનિકો

સ્થાનિકોનું કહેવું હતું કે, રેલ રાહત કોલોની વિસ્તારમાં ગંદકી તેમજ અસામાજિક પ્રવૃત્તિઓનું પ્રમાણ વધતું હોવાથી મંદિર બનાવવામાં આવ્યું હતું. મંદિર બન્યા બાદ આસપાસની સફાઈ જાળવવા અને અસામાજિક પ્રવૃત્તિઓ અટકાવવાના પ્રયાસો થઈ રહ્યા હોવાનો પણ સ્થાનિકોએ બચાવ કર્યો હતો.

VS

### ગેરકાયદે રીતે મંદિર બનાવી દેવામાં આવ્યું: મનપા

મનપાની ખુલ્લી જમીન મંદિરનું બાંધકામ કરવામાં આવ્યું હોવાથી ડિમોલીશન કરવા આવ્યું હતું. નવરાત્રિ શરૂ થવાના થોડા દિવસો પહેલાં જ મંદિર હટાવવાની કાર્યવાહી થતાં સ્થાનિકોમાં નારાજગી વધુ ભભૂકી હતી. ભારે વિરોધ, સૂત્રોચ્ચાર અને ઘર્ષણ વચ્ચે પણ મનપાએ આખરે મંદિરનું ડિમોલીશન કરી નાખતાં માન દરવાજા વિસ્તારમાં આ મુદ્દો ચર્ચાનો વિષય બન્યો છે.

# ઠપકાથી બાથરૂમમાં પુરાઈ ગયેલા કિશોરને ફાયરે કાઢ્યો

**ભટાર** રોડની વનિતા પાર્ક સોસા.માં પુત્ર રાત્રે ઘરે મોડો આવતો હોવાથી માતા-પિતાએ ઠપકો આપ્યો હતો

સુરતઃ રાત્રે ઘરે મોડો આવતાં માતાપિતાએ ઠપકો આપતાં ભટાર રોડ સ્થિત વનિતા પાર્ક એપાર્ટમેન્ટમાં રહેતો 15 વર્ષીય કિશોર રિસાઈ ગયો હતો. કિશોરે પોતાને ઘરના બાથરૂમમાં અંદરથી લોક કરી દેતાં માતાપિતા ગભરાઈ ગયા હતા. આખરે ફાયર બ્રિગેડે ગણતરીની મિનિટોમાં દરવાજો ખોલી કિશોરનું સલામત રેસ્ક્યૂ કરી લીધું હતું.

પ્રાપ્ત માહિતી મુજબ, ભટાર રોડ પર આવેલા વનિતા પાર્ક એપાર્ટમેન્ટના એ વિંગના ફ્લેટ નં. 6માં જયેશ દુધીયાનો પરિવાર રહે છે. તેમનો 15 વર્ષીય પુત્ર કેવિન ધોરણ-10માં અભ્યાસ કરે છે. મંગળવારે રાત્રે કેવિન લગભગ 10 વાગ્યે ઘરે પહોંચ્યો હતો. રાત્રે મોડો ઘરે આવવા બદલ માતાપિતાએ તેને ઠપકો આપ્યો હતો. માતાપિતાના ઠપકાથી કેવિન રિસાઈ ગયો હતો અને તેણે ઘરના બાથરૂમમાં જઈ અંદરથી દરવાજો લોક કરી દીધો હતો. કિશોર લાંબા સમય સુધી બહાર ન આવતા અને દરવાજો ન ખોલતાં માતાપિતા ચિંતામાં મુકાઈ ગયા હતા. તેમણે તાત્કાલિક ફાયર કંટ્રોલ રૂમને જાણ કરી હતી. કોલ મળતાં જ મજુરા ફાયર સ્ટેશનનો કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો હતો. ફાયર ઓફિસર અભિષેક ગઢવીએ જણાવ્યું હતું કે, ફાયર બ્રિગેડની ટીમે ઘટનાસ્થળે પહોંચી પરિસ્થિતિનો તાગ મેળવ્યા બાદ સ્પ્રેડર સાધનનો ઉપયોગ કરી બાથરૂમનો દરવાજો ગણતરીની મિનિટોમાં ખોલી નાખ્યો હતો. દરવાજો ખુલતાં ફાયર બ્રિગેડની ટીમે અંદર રહેલા કેવિનને સલામત રીતે બહાર કાઢ્યો હતો.

## ભરત કેન્સર હોસ્પિ. સામેની ફરિયાદ રદ

સુરતઃ વડોદરાના આજવા રોડના રહેવાસી શાંતિલાલ લીમ્બારામ બામણીયાએ ગ્રાહક કમિશનમાં આપેલી ફરિયાદ મુજબ સપ્ટેમ્બર ૨૦૧૫માં વારંવાર પેટમાં દુખાવો થતાં તેઓ ભરત કેન્સર હોસ્પિટલમાં ગયા હતા. રિપોર્ટ બાદ આંતરડામાં કેન્સરની ગાંઠ હોવાનું નિદાન થતાં તેમણે ગાંઠનું ઓપરેશન કરાવ્યું હતું પરંતુ તેમને પોતાની સારવાર યોગ્ય નહીં થયાનું લાગ્યું હતું અને તેથી તેમણે કમિશન સમક્ષ બે વર્ષની નોકરીનો ૪.૮૦ લાખ પગાર તથા સારવારના વધારાના ખર્ચ સહિતની વસૂલાતની માંગ કરી હતી. બંન્ને પક્ષની રજૂઆત બાદ કમિશને ઠરાવ્યું કે ફરિયાદ બે વર્ષની સમયમર્યાદા બહાર હોવાથી ચાલી શકે નહીં. તેથી ફરિયાદ નામંજૂર કરવામાં આવી હતી. ડૉક્ટર તથા હોસ્પિટલ તરફે મેડિકોલેગલ એક્સપર્ટ ડૉ. વિનેશ શાહ તથા એડવોકેટ સુહેલ દેસાઈએ દલીલ રજૂ કરી હતી.

## કાળાં કપડાંમાં આવેલા ચોર દ્વારા 15 મિનિટમાં 3 દુકાનમાં ચોરી

સુરતઃ કઠોદરા ખાતે ઓમ રેસિડેન્સીમાં રહેતા અને સરથાણા લસણ માર્કેટ પાસે 'મહાદેવ ઓટો' નામે ટુ-વ્હીલર લે-વેચનો શો-રૂમ ચલાવતા અશ્વિનભાઈ સવજીભાઈ ડોબરીયા ગત તા.5 ઓક્ટોબરના રોજ રોજિંદા ક્રમ મુજબ શો-રૂમ બંધ કરીને ઘરે ગયા હતા. જેમાં રાત્રે ચોરી થઈ હતી. બીજા દિવસે સીસીટીવી ફૂટેજ ચેક કરતાં રાત્રે આશરે 4 વાગ્યાના અરસામાં કાળાં કપડાં પહેરેલો 20થી 25 વર્ષનો એક અજાણ્યો શખ્સ પાછળથી પતરાના શેડ પર ચડી, ઉપરનાં પતરાં ખોલી અંદર ઘૂસ્યો અને 15 મિનિટના ગાળામાં જ ટેબલનું ખાનું તોડી અંદર મૂકેલા રૂ.2.70 લાખ ચોરી ગયો હતો. સાથે સાથે બાજુમાં આવેલા 'હર હર મહાદેવ ઓટો'ના માલિક સતીષભાઈ વિરવાલના શો-રૂમના ટેબલમાંથી રૂ.40,000 તથા 'ડિઓડેપ પ્લાસ્ટિક હોલસેલ મોલ'ના માલિક શુભમભાઈ ડોબરીયાની દુકાનમાંથી પણ રૂ.10,000ની મતા ચોરી કરી હતી. વધુ તપાસ પોલીસે શરૂ કરી છે.

## સાયબર ફ્રોડમાં મુંબઈથી આરોપી ઝડપાયો

સુરતઃ ડેટિંગ એપ પર સંપર્ક સાધી ઈ-કોમર્સ બિઝનેસમાં ઊંચા વળતરની લાલચ આપી બનાવટી વેબસાઈટ મારફતે ફરિયાદી પાસેથી રૂ.૫,૮૮,૯૦૯ ટ્રાન્સફર કરાવી છેતરપિંડી આચરવામાં આવી હતી. જેમાં પોલીસે મુંબઈના ગ્રાન્ટ રોડ પરથી ૪૬ વર્ષીય ઈમરાન યુસુફ બફાતી ખીલચીને ઝડપી લીધો છે. આરોપીએ રૂ.૧૨,૦૦૦ના કમિશનની લાલચે પોતાનું HDFC બેંક કરન્ટ એકાઉન્ટ દુબઈ સ્થિત સાયબર ફ્રોડ નેટવર્કને વાપરવા આપ્યું હતું, જેમાં રૂ.૧.૩૬ કરોડથી વધુનાં શંકાસ્પદ ટ્રાન્ઝેક્શન મળી આવ્યાં છે. પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## લગ્નની લાલચે સગીરાના અપહરણમાં ૨ વર્ષની કેદ

સુરતઃ તા. ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ લિંબાયતમાં રહેતી ૧૩ વર્ષની સગીરા ટ્યુશન જવાનું કહીને ઘરથી નીકળી હતી, પરંતુ ટ્યુશને પહોંચી ન હતી. જેથી લિંબાયત પોલીસ સ્ટેશનમાં અપહરણની ફરિયાદ નોંધાવવામાં આવી હતી. તપાસ દરમિયાન આરોપી પ્રદિપકુમાર રાજુરામ સગીરાને લગ્નની લાલચ આપી પોતાની સાથે ભુસાવળ સુધી લઈ ગયો હોવાનું બહાર આવ્યું હતું. સરકાર પક્ષે એપીપી વિશાલ ફળદુ હાજર રહી ફરિયાદ પક્ષે રજુઆત કરી હતી. કોર્ટે આરોપીને ૨ વર્ષની કેદની સજા અને ૨૦ હજાર રુપિયા નો દંડ ફટકાર્યો હતો.

# સુરતમાં જાણીતી બ્રાન્ડના નકલી સાબુ બનાવી ઓનલાઈન વેચાણ!

**લસકાણામાં** ગઢપુર રોડ પરથી 6000 નકલી સાબુ કબજે

સુરતઃ લસકાણા પોલીસે સોશિયલ મીડિયામાં ભારે વાયરલ અને ડિમાન્ડ ધરાવતી જાણીતી 'ઘર સોપ્સ' બ્રાન્ડના સ્કિન ટેન રિમૂવલ સાબુના નામે ડુપ્લિકેટ માલ બનાવી ઓનલાઈન વેચવાના કૌભાંડનો પર્દાફાશ થયો છે. ગઢપુર રોડ પર એન.સી. ઠક્કર સ્કૂલ સામે આવેલા સહજાનંદ હબની ઓફિસ નંબર-104માંથી જાણીતી પ્રોડક્ટના નામે ડુપ્લિકેટ સાબુનું વેચાણ થઈ હોવાની બાતમીના આધારે લસકાણા પોલીસે દરોડો પાડતાં ત્યાંથી 'GHAR SOAPS AYURVEDA + SCIENCE MAGIC SOAP'ના નામના જંગી જથ્થામાં ડુપ્લિકેટ પેકેટો મળી આવ્યા હતા. પોલીસે સ્થળ પરથી 3 સાબુ ધરાવતા હોય તેવા કુલ 2,000 બોક્સ (કુલ 6,000 નંગ સાબુ, કિંમત રૂ.2.04 લાખ) જપ્ત કર્યા હતા. પોલીસે બેની ધરપકડ કરી છે, જ્યારે મુખ્ય સપ્લાયર ફરાર થઈ ગયો છે.

### 4 માસથી રૂ.399નો ટેન રિમૂવલ સાબુ મીશો પર રૂ.102માં પધરાવાતો હતો

પકડાયેલા આરોપીઓ છેલ્લા ચાર મહિનાથી આ ગોરખધંધો ચલાવતા હતા. આ સાબુ સોશિયલ મીડિયા પર 'મેજિક સોપ' તરીકે ખૂબ પ્રખ્યાત છે. ઓરિજિનલ કંપનીના 3 સાબુના પેકિંગની બજાર કિંમત રૂ. 399 છે, પરંતુ આ ઠગ ટોળકી ગ્રાહકોને આકર્ષવા માટે ઈ-કોમર્સ પ્લેટફોર્મ 'મીશો' (Meesho) પર ભારે ડિસ્કાઉન્ટના નામે માત્ર રૂ. 102માં નકલી સાબુ પધરાવી આર્થિક ફાયદો મેળવતી હતી.

### બે વેપારી ઝબ્બે, મુખ્ય સૂત્રધાર ફરાર

આ કેસમાં પોલીસે અમરેલીના વતની અને હાલ સરથાણા જકાતનાકા ખાતે રહેતા ચિરાગ નાગજીભાઈ રંગાણી (ઉ.વ. 31) તથા મોટા વરાછા ખાતે રહેતા દીપક કાળુભાઈ રાદડિયા (ઉ.વ. 34)ની અટકાયત કરી છે. આરોપીઓએ જણાવ્યું હતું કે તેઓ માત્ર પેકેજિંગનું જ કામ કરતા હતા અને માલ મોટા વરાછામાં રહેતો એક ઈસમ સપ્લાય કરતો હતો. જોકે પોલીસ ટીમે ત્યાં દરોડો પાડતા પહેલાં જ મુખ્ય સપ્લાયર દુકાન બંધ કરીને ભાગી છૂટ્યો હતો.

## વકીલોની હડતાળ પૂર્ણ થતાં એક જ દિવસમાં રેકર્ડબ્રેક ૯૭ જામીન અરજી

સુરતઃ વકીલોની હડતાળના પાંચ દિવસ અને બે દિવસની જાહેર રજા બાદ આજે સુરત કોર્ટમાં રાબેતા મુજબ કામકાજ શરૂ થતાં આજે એક જ દિવસમાં રેકડબ્રેક ૯૭ જેટલી જામીન અરજી ફાઈલ થઈ હોવાનું જાણવા મળ્યું છે. આ જામીન અરજીમા ૯ આગોતરાં જામીન અરજી, ૭૫ નિયમિત જામીન અરજી, ૭ શરત ફેરફારની અરજી, ૪ વચગાળાની જામીન અરજી, ૧ મુદ્દામાલની અરજીનો સમાવેશ થાય છે. સામાન્ય દિવસોમાં અંદાજે ૨૦થી ૨૫ જામીન અરજી આવતી હોય છે. આ હડતાળને કારણે વકીલો પોતાનાં અસીલોની જામીન અરજી ફાઈલ કરી શકયાં ન હતાં. જે આજે એક સાથે ૯૭ જામીન અરજી ફાઈલ થઈ હતી. જેણે એક નવો જ રેકોર્ડ બનાવ્યો હતો.

# ખાડીપૂર: એજન્સીને સુરત આવી રિપોર્ટ તૈયાર કરવા કમિ.નો આદેશ

**મલ્ટીમીડિયા** કન્સલ્ટન્ટ્સની બહાનાબાજીથી કમિશનર બેનીવાલ અને સેક્રેટરી થેન્નારાસન અકળાયા

સુરતઃ શહેરને દર ચોમાસે ધમરોળતા ખાડીપૂરનો કાયમી ઉકેલ લાવવા રાજ્ય સરકાર અને મનપા દ્વારા હાથ ધરાયેલી કવાયત વચ્ચે સરવે કરનાર કન્સલ્ટન્સી એજન્સીની ધીમી કામગીરી સામે મંગળવારે મળેલી ઉચ્ચસ્તરીય ખાડી પૂર નિવારણ સમિતિની બેઠકમાં ભારે નારાજગી વ્યક્ત કરવામાં આવી હતી. ખાસ કરીને મનપા કમિશનર રાજકુમાર બેનીવાલ અને શહેરી વિકાસ વિભાગના સેક્રેટરી એમ.થેન્નારાસન એજન્સીની કામગીરીથી અકળાયા હોવાનું જાણવા મળે છે. ગઇકાલે યોજાયેલી મિટિંગમાં પણ એજન્સીએ ઠાગાઠૈયા અને બહાનાબાજી કરતા હવે એજન્સીને અમદાવાદથી કાગળ પર ઘોડા દોડાવવાને બદલે સુરતમાં બેસીને રિપોર્ટ તૈયાર કરવા આદેશ અપાયો હોવાનું જાણવા મળી રહ્યું છે.

શહેરની આશરે 188 કિમી લાંબી ખાડી સિસ્ટમના DGPS અને ડ્રોન સરવેનું કામ પૂર્ણ થઈ ચૂક્યું છે અને તેના આધારે કન્સલ્ટન્સી એજન્સી મલ્ટીમીડિયા અમદાવાદ દ્વારા હાઇડ્રોલોજી મોડલ તથા ડિટેઇલ પ્રોજેક્ટ રિપોર્ટ તૈયાર કરવાની કામગીરી હાથ ધરાઇ હતી. ગયા અઠવાડિયે રજૂ કરાયેલા રિપોર્ટમાં ખાડીઓના ડ્રેજિંગ અને ડીસિલ્ટિંગથી કેટલી માટી બહાર આવશે તેનો નક્કર જથ્થો કે અંદાજ રજૂ કરવામાં ન આવતાં થેન્નારાસને એજન્સીને વાસ્તવિક અને ઉપયોગી રિપોર્ટ તૈયાર કરવા ટકોર કરી હતી. એજન્સી તરફથી મનપા તથા અન્ય સંલગ્ન વિભાગો પાસેથી જરૂરી માહિતી સમયસર ન મળતી હોવાનો બચાવ કરવામાં આવ્યો હતો. જોકે, હવે આવાં બહાનાં નહીં ચાલે તેવો કડક સંદેશ આપવામાં આવ્યો હોવાનું જાણવા મળે છે. એજન્સીના અધિકારીઓને ગાંધીનગરમાં બેસીને કાગળ પર રિપોર્ટ તૈયાર કરવાને બદલે સુરતમાં જ રોકાઈને તમામ વિભાગો સાથે સંકલન કરી રિપોર્ટ પૂર્ણ કરવા તાકીદ કરવામાં આવી છે.

# વોશિંગ મશીન ચાલુ રાખી બહાર જવાનું પરિવારને ભારે પડ્યું

**ફાયર** બ્રિગેડે ઘરના દરવાજાનું લોક તોડી પ્રવેશ કરી આગ કાબૂમાં કરી



સુરતઃ કતારગામના લિંબાચીયા ફળિયામાં બુધવારે સાંજે વોશિંગ મશીનમાં આગ લાગતાં દોડધામ મચી ગઈ હતી. જાણ થતાં કતારગામ ફાયર બ્રિગેડનો કાફલો તાત્કાલિક સ્થળ પર દોડી ગયો હતો. સબ ફાયર ઓફિસર દિનુ પટેલે જણાવ્યું હતું કે, આલિયા પાર્ક સોસાયટીના મકાન નં. 6માં આગ લાગ્યાનો કોલ મળ્યો હતો. પ્રાથમિક માહિતી મુજબ મકાન માલિક મુકેશભાઈ ગણપતભાઈનો પરિવાર વોશિંગ મશીનમાં કપડાં નાંખી મશીન ચાલુ રાખી ઘરને લોક કરી બહાર ગયો હતો. દરમિયાન વોશિંગ મશીનમાં કોઈ કારણસર આગ લાગવાની શરૂઆત થઈ હતી. ઘર બંધ હોવાથી આગ વધુ ફેલાય એ પહેલાં ફાયર બ્રિગેડની ટીમે દરવાજા પર લાગેલું લોક તોડી મકાનમાં પ્રવેશ કર્યો હતો. ત્યારબાદ ફાયર બ્રિગેડે સૌપ્રથમ વીજ પુરવઠો બંધ કરી આગ પર પાણીનો મારો ચલાવ્યો હતો. ગણતરીની મિનિટ્સમાં આગને કાબૂમાં લઈ લેવામાં લેતાં આગ ફેલાતી અટકી હતી.

# સાસુની સહી-અંગૂઠો કરી વહુએ નવો GST નંબર મેળવી લીધો

**ઉધના** ઉદ્યોગનગરમાં આવેલી લક્ષ્મી મિકેનિકલ વર્ક્સની મિલકતમાં 'પ્રમુખ એન્જિનિયરિંગ'ના નામે બોગસ જીએસટી મેળવવાનું કૌભાંડ

સુરતઃ ઉધના ગામ ખાતે આવેલી ગાયત્રી સોસાયટી-2ના ત્રિદેવ એપાર્ટમેન્ટમાં રહેતા નિવૃત્ત 81 વર્ષીય મંજુલાબેન હસમુખલાલ પંચાલે વર્ષ 1984માં ઉધના ઉદ્યોગનગર સહકારી સંઘ લી.માં પ્લોટ/શેડ નં. એ/3-14 વાળી મિલકત ખરીદી હતી. આ મિલકતમાં તેઓ 'લક્ષ્મી મિકેનિકલ વર્ક્સ'ના નામે સ્વતંત્ર ધંધો ચલાવતા હતા અને વર્ષ 2017માં પોતાના નામે જીએસટી નંબર પણ મેળવ્યો હતો.

સપ્ટેમ્બર 2025માં તેમના પુત્ર ધર્મેશભાઈનું અવસાન થતાં પુત્રવધૂ પ્રીતિબેને કોર્ટમાં ડોમેસ્ટિક કેસ દાખલ કરીને સ્ટે મેળવ્યો હતો. જેમાં શંકા જતાં મંજુલાબેને જીએસટી કચેરીમાં આરટીઆઈ કરતા ખબર પડી હતી કે તા. 07/03/2026ના રોજ મંજુલાબેનનું આધાર કાર્ડ લગાડી તેમની બોગસ અંગ્રેજી સહી અને બનાવટી અંગૂઠાનું નિશાન કરવામાં આવ્યું હતું. અને બોગસ જીએસટી નંબર લઈ લેવામાં આવ્યો હતો.

### નોટરી અને વકીલની મિલીભગતથી બોગસ દસ્તાવેજ ઊભો કરાયો

આ બોગસ દસ્તાવેજ ઊભો કરવામાં વચેટિયા જયંતીભાઈ લાલજીભાઈ રાઠોડે મંજુલાબેનના પ્રતિનિધિ તરીકે ખોટી ઓળખ આપી રૂ. 300નો સ્ટેમ્પ ખરીદ્યો હતો. ત્યારબાદ એડવોકેટ નોટરી સોનલ એચ. ગાંધીએ વૃદ્ધાનો 'બીફોર મી'નો સહી-સિક્કો કરી નોટરાઇઝ કરી આપ્યો હતો. તેમજ એડવોકેટ પી.એચ. દેસાઈ (પ્રકાશસિંહ હમીરસિંહ દેસાઈ)એ પણ મંજુલાબેનની 'આઇડેન્ટિફાઇડ બાય મી' તરીકે સહી કરી આપી હતી. આ ફૂટલેખિત દસ્તાવેજના આધારે તા. 23/03/2026ના રોજ નવો જીએસટી નંબર મેળવી પ્રીતિબેન ધંધો કરતા હતા.આ સમગ્ર મામલે મંજુલાબેન પંચાલે પુત્રવધૂ પ્રિતિબેન ધર્મેશભાઈ પંચાલ રહે, સ્વંય સીધ્ધી નિવાસ, રોડ નં.3, ઉધના,(૨)જયંતીભાઇ લાલજીભાઇ રાઠોડ,(3)એડવોકેટ એન્ડ નોટરી સોનલબેન હિરાલાલ ગાંધી રહે-બહુમાળી ભવન તથા (૪) એડવોકેટ પ્રકાશસીંહ હમીરસીહ દેસાઇ રહે-બહુમાળી ભવન,સુરત વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા ઉધના પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મીઠીખાડીથી નીલગીરી સર્કલનો રસ્તો પહોળો કરવા લાઈનદોરી

**કુલ** 473 જેટલી નાનાં-મોટાં બાંધકામ ધરાવતી મિલકતો પ્રભાવિત થશે

સુરતઃ લિંબાયતને વાહનવ્યવહારની ગંભીર સમસ્યામાંથી મુક્તિ અપાવવા માટે સુરત મહાનગરપાલિકા દ્વારા મીઠી ખાડી બ્રિજથી લઈને નીલગીરી સર્કલ સુધી હાલમાં ઉપલબ્ધ 24 મીટરના ટી.પી. રોડને વધારીને 30 મીટર કરવાની કવાયત હાથ ધરવામાં આવી છે. માર્ગ પર વ્યાપારી પ્રવૃત્તિઓ અને ગીચ વસવાટના કારણે પિક અવર્સ દરમિયાન સર્જાતા ટ્રાફિક જામમાંથી વાહનચાલકો અને રાહદારીઓને કાયમી છૂટકારો આપવા નવી રસ્તા રેખા નક્કી કરવી જરૂરી બની છે. આ માટે ફાઈનલ ટી.પી. સ્કીમ નં.39 (મીઠી ખાડી બ્રિજથી મદનપુરા વેજિટેબલ માર્કેટ) અને પ્રિલિમિનરી ટી.પી. સ્કીમ નં.40 (મદનપુરાથી નીલગીરી સર્કલ) હેઠળ આવતા રોડને પહોળો કરવાની દરખાસ્ત શાસકો સમક્ષ મૂકવામાં આવી છે. જોકે, આ રોડ પહોળો કરવાની કામગીરી મનપા માટે પડકારરૂપ બની રહેશે. કારણ કે, આ રસ્તારેખાના અમલીકરણથી બંને બાજુ આવેલી ઘણી મિલકતો પર કપાતની તલવાર લટકી રહી છે. ઉપલબ્ધ આંકડા મુજબ કુલ 356 મિલકત અસરગ્રસ્ત થાય તેમ છે. જ્યારે ટી.પી. સ્કીમ નં.40ના ભાગમાં 78 કાચા શેડ અને 39 પાકાં મકાનો સહિત 117 મિલકત રસ્તામાં નડતરરૂપ બને છે. આ રસ્તો પહોળો કરતા કુલ 473 જેટલી નાનાં-મોટાં બાંધકામ ધરાવતી મિલકતો પ્રભાવિત થશે. આ અંગે શુક્રવારે મળનારી સ્થાયી સમિતિમાં નિર્ણય લેવાશે.

# મનપાની નાટ્ય સ્પર્ધામાં 'ફંદી' શ્રેષ્ઠ નાટક



**વિવિધ** કેટેગરીમાં 29 વિજેતા જાહેર કરાયા

સુરતઃ મનપાની નાટ્ય સ્પર્ધા આજે પુરી થઈ હતી. કતારગામ ઓડિટોરિયમ ખાતે યોજાયેલી આ સ્પર્ધામાં 9 નાટકો ભજવાયા હતા. સ્પર્ધામાં વિવિધ કેટેગરીમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર 29 વિજેતાઓને મેયર સહિતના મહાનુભાવો અને સંજીવકુમાર ફાઉન્ડેશનના ટ્રસ્ટી ઉદયભાઈના હસ્તે ટ્રોફી, પ્રમાણપત્ર અને રોકડ ઈનામો આપી પુરસ્કૃત કરાયા હતા. સંજીવકુમાર ફાઉન્ડેશન ટ્રસ્ટ અને સુરત મહાનગરપાલિકા બંને દ્વારા વિજેતાઓને સરખી રકમના રોકડ પુરસ્કાર એનાયત કરાયા હતા.

### મહત્ત્વના વિજેતા કલાકારો

- » શ્રેષ્ઠ બાળ કલાકાર: નવ્યાનંદી શાહ (નાટકઃ ડ્રાયફ્રુટ લાપસી)
- » શ્રેષ્ઠ બાળ કલાકાર: ક્રિશિવ ઠક્કર (નાટકઃ કાળીદાસ)
- » શ્રેષ્ઠ સંગીત: ફંદી (રાજગ્રુપ થિયેટર એન્ડ પરફોર્મિંગ આર્ટસ)
- » સર્વશ્રેષ્ઠ સ્ત્રી અભિનય: રીચા શાહ (નાટકઃ પરણેલાની પૂંછડી વાંકી)
- » સર્વશ્રેષ્ઠ પુરુષ અભિનય: મિહિર પાઠક (નાટકઃ ફંદી)
- » શ્રેષ્ઠ દિગ્દર્શક (પ્રથમ): રાજેશ પાંડે (નાટકઃ ફંદી)
- » શ્રેષ્ઠ નાટક (પ્રથમ): ફંદી (રાજગ્રુપ થિયેટર એન્ડ પરફોર્મિંગ આર્ટસ)

## સ્પર્ધા પૂરી થતાં જ ખામીઓના પડદા ઊઠ્યા

**આ** વખતે 'પરિણામ જાહેર કરો અને કાર્યક્રમ પતાવો'ની ઉતાવળમાં પરંપરાને જ તિલાંજલિ!

સુરતઃ નાટ્યસ્પર્ધાના મંગળવારે પડદા પડી ગયા, પરંતુ સ્પર્ધા પૂરી થતાં જ તેના આયોજનની ખામીઓ પરથી પડદા ઉચકાયા છે. વર્ષોથી નાટ્ય સ્પર્ધાના સમાપન સમારોહમાં નિર્ણાયકો દ્વારા રજૂ થયેલા નાટકોનો નીચોડ, નાટકોની વિશેષતા, ખામીઓ અને કલાકારોને જરૂરી માર્ગદર્શન આપવામાં આવતું હતું. પરંતુ આ વખતે જાણે 'પરિણામ જાહેર કરો અને કાર્યક્રમ પતાવો'ની ઉતાવળમાં આ મહત્ત્વની પરંપરાને જ તિલાંજલિ આપી દેવામાં આવી હતી. સ્પર્ધામાં ભાગ લેનારી નાટ્ય સંસ્થાઓ અને કલાકારો આખું વર્ષ મહેનત કરીને નાટક તૈયાર કરે છે. આવા સમયે નિર્ણાયકોનો અભિપ્રાય તેમના માટે માત્ર ઔપચારિકતા નહીં, પરંતુ આગામી નાટકને વધુ સારો બનાવવાનું માર્ગદર્શન અને પ્રોત્સાહન પણ હોય છે. છતાં 52મી સ્પર્ધાના સમાપન પ્રસંગે નિર્ણાયકોના પ્રતિભાવ રજૂ કરવા માટે સમય જ ફાળવવામાં ન આવ્યો હોવાની ચર્ચાએ પાલિકાના આયોજન સામે સવાલો ઊભા કર્યા છે. નાટ્ય વર્તુળોમાં એવી પણ ચર્ચા છે કે પરિણામ જાહેર કરી ઈનામો આપી સમાપન કરવાની ઉતાવળમાં કાર્યક્રમનો સૌથી ઉપયોગી 'અંતિમ અંક' જ કાપી નાખવામાં આવ્યો. વર્ષોથી ચાલી આવતી પરંપરા જાળવવામાં આવી હોત તો કલાકારોને પોતાના નાટક અંગે નિષ્પક્ષ મૂલ્યાંકન સાંભળવાની તક મળી શકી હોત.

### સ્થાનિક નિર્ણાયકો સામે પણ સવાલ

આ ઉપરાંત સ્પર્ધામાં સુરતના જ નિર્ણાયકો રાખવાના મુદ્દે પણ નાટ્યપ્રેમીઓમાં નારાજગી જોવા મળી હતી. સ્થાનિક નાટ્ય ક્ષેત્રમાં અનેક કલાકારો અને સંસ્થાઓ એકબીજા સાથે જોડાયેલા હોવાથી સ્થાનિક નિર્ણાયકોની નિમણૂક થાય ત્યારે પરિણામની નિષ્પક્ષતા અંગે ક્યારેક શંકા ઊભી થતી હોવાનો નાટ્યપ્રેમીઓનો મત છે. સ્પર્ધાની વિશ્વસનીયતા અને પારદર્શિતા જાળવવી હોય તો આગામી વર્ષથી સુરત બહારના નિષ્ણાત અને નિષ્પક્ષ નિર્ણાયકોની નિમણૂક કરવાની માંગ ઊઠી છે.

# પુણામાં સગાઈ ફોક થતાં રખડતા મજનૂની ગંદી હરકત

**યુવતીની** છેડતી કરી કાકા પર હુમલો કરનાર રોમિયો ઝડપાયો

**રેશમા** સર્કલ પાસે બેંકમાં જતી યુવતીને અશ્લીલ ઈશારા કરી પીછો કરતા યુવકની દાદાગીરી

સુરતઃ સગાઈ ફોક થયા બાદ અશ્લીલ હરકત પર ઉતરી આવેલા યુવકે યુવતીના કાકાને માર માર્યો હતો.

પુણા ગામ રહેતી અને અભ્યાસ કરતી 22 વર્ષીય યુવતીએ પુણા પોલીસ મથકે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે, આજથી આશરે દસ વર્ષ પહેલાં જયેશ નામના યુવક સાથે તેમની સગાઈ અંગે વાટાઘાટો ચાલતી હતી. જોકે, જયેશ અવારનવાર યુવતીના પરિવારને ખોટી રીતે હેરાન-પરેશાન કરતો હોવાથી દોઢેક વર્ષ પહેલાં યુવતીના પિતાજીએ સગાઈ કરવાની સ્પષ્ટ ના પાડી દીધી હતી. જે બાદ રેશમા સર્કલ પાસે મોગલ પાનના ગલ્લા પર પોતાની ગાડી પાર્ક કરીને બેઠેલા જયેશે યુવતીને જોતાં જ અશ્લીલ ઈશારાઓ કરવાનું શરૂ કર્યું હતું. આ હરકત જોઈને કાકાએ ટોક્યો હતો. જે સાથે જયેશે માર મારવા લાગ્યો હતો. યુવતીએ પોલીસને જાણ કરતાં બંને પક્ષને ઝડપી પાડી પોલીસ મથકે લાવ્યા હતા, જ્યાં યુવતીની ફરિયાદના આધારે પોલીસે ગુનો નોંધી જયેશ વિરુદ્ધ ગુનો નોંધી ધરપકડ કરી તપાસ હાથ ધરી છે.